**માનવીય સેવા કાર્યોમાં રેડક્રોસ સ્વયંસેવકોનું અમૂલ્ય યોગદાન છે. - રાજયપાલશ્રી**
**"વિશ્વ રેડક્રોસ દિન"ની પૂર્વ સંધ્યાએ શ્રી ઓ.પી. કોહલીનો પ્રજાજોગ સંદેશ**
**રાજભવન, ગાંધીનગર, તા. ૦૭/૦૫/૨૦૧૮**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે માનવીય સેવા કાર્યોમાં રેડક્રોસના સ્વયંસેવકોએ અમૂલ્ય યોગદાન આપ્યું છે. નિઃ સ્વાર્થ ભાવના સાથે દુ:ખી-પીડિતોની સેવા કરનાર રેડક્રોસ કાર્યકતર્ાઓની સેવા પરાયણતાને તેમણે બિરદાવી હતી.

રાજયપાલશ્રીએ 'વિશ્વ રેડક્રોસ દિન'ની પૂર્વ સંધ્યાએ ગુજરાતની પ્રજા જોગ સંદેશમાં જણાવ્યું હતું કે ૮મી મે વિશ્વભરમાં આંતર્રાષ્ટ્રીય રેડક્રોસ દિન તરીકે મનાવવામાં આવે છે. ૮મી મે આંતર્રાષ્ટ્રીય સંસ્થાના સંસ્થાપક સર હેનરી ડુનાન્ટનો જન્મ દિવસ છે. આ વર્ષે "વિશ્વ રેડક્રોસ દિન"ની ઉજવણીની વિષ્ાયવસ્તુ "સૌની સાથે, બધા સ્થળે યાદગાર સ્મિત નકકી કરાયેલ છે.

રેડક્રોસ સોસાયટી દ્વારા ૧૬ બ્લડ બેંકો દ્વારા ૧.૬ લાખ યુનિટ સુરક્ષિત રકત એકત્ર કરવામાં આવે છે. પ્રતિ વર્ષે હજારોની સંખ્યામાં જરૂરિયાતવાળા બાળકોને નિઃશુલ્ક રકત આપવામાં આવે છે. ગુજરાત રેડક્રોસ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન, પ્રાથમિક સારવાર, ટી.બી.નિયંત્રણ, શૈક્ષાણિક સંસ્થાઓમાં જુનિયર / યુથ રેડક્રોસ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહી છે, તેમ રાજયપાલશ્રીએ જણાવ્યું હતું. રાજયપાલશ્રીએ વધુમાં  જણાવ્યું હતું કે થેલેસિમિયા અને સિકલસેલ એનેમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ૩૦ લાખ જેટલા લોકો, યુવાઓ, વિદ્યાર્થીઓ અને વનબંધુઓનું પરિક્ષાણ કરવામાં આવ્યું છે, પરિણામે ૩૦૦ જેટલા થેલેસેમિકને જન્મતા અટકાવવામાં આવ્યા છે. વરિષ્ઠ નાગરિકો માટે ઘર "વાત્સલ્ય"નું સંચાલન કરવામાં આવી રહયું છે, જેમાં ૪૦ જેટલા વરિષ્ઠજનો નિવાસ કરી રહયા છે.

શ્રી કોહલીએ આ માનવ સેવાના કાર્યોમાં સમર્પણની ઉદાત ભાવના સાથે જોડાયેલા રાજયની રેડક્રોસ સંસ્થાના સૌ પદાધિકારીઓ, સ્વયંસેવકો, સેવાભાવી અગ્રણીઓ તથા કર્મશીલોને હાર્દિક અભિનંદન આપ્યા હતા.

-------------------------------